RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 253 * Date: 03.07.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કોવિડ વેક્સિનના કારણે લોકોને અચાનક આવી રહ્યા છે હાર્ટએટેક? AIIMS-ICMRની સ્ટડીમાં થયો ખુલાસો



ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને એઈમ્સ તરફથી કરવામાં આવેલી સ્ટડીમાં ખુલાસો થયો છે કે, કોવિડ-૧૯ બાદ પુખ્ત વયના લોકોમાં અચાનક વધી રહેલા મોતના દરનો કોરોનાની રસી સાથે કોઈ સંબંધ નથી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પણ સ્પષ્ટ કર્યું કે, યુવાનોમાં વધી રહેલા હાર્ટ એટેક અને કોરોનાની રસી વચ્ચે કોઈ લિંક નથી. મંત્રાલયનું કહેવું છે કે,ૈંઝસ્ઈ તરફથી કરવામાં આવેલી સ્ટડીમાં કોરોનાની રસી અને હાર્ટ એટેક વચ્ચે કોઈ લિંક વિશે જાણ નથી થઈ.

૨૦૨૩માં મે મહિનાથી ઓગસ્ટ સુધીમાં દેશના ૧૯ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૭ હોસ્પિટલોમાં આ સ્ટડી કરવામાં આવી હતી. આ સ્ટડી એવા લોકો પર કરવામાં આવી છે, જે સંપૂર્ણ રીતે સ્વસ્થ હતા પરંતુ, ઓક્ટોબર ૨૦૨૧થી માર્ચ ૨૦૨૩ વચ્ચે તેમનું અચાનક મૃત્યુ થયું હતું. સ્ટડી પરથી જાણ થાય છે કે, કોરોનાની રસીના કારણે યુવાઓમાં હાર્ટ એટેકનું જોખમ નથી વધ્યું. યુવાનોમાં અચાનક થઈ રહેલા મોતનું તેની સાથે કોઈ કનેક્શન નથી.

આ સ્ટડી એવા સમયે સામે આવી છે, જ્યારે દેશભરમાં યુવાનોમાં હાર્ટ એટેકથી થઈ રહેલા મોતના કેસ વધ્યા છે.ૈંઝસ્ઈ અને નેશનલ સેન્ટર ફોર ડિસિઝ કંટ્રોલ અચાનક થઈ રહેલા મોત પાછળનું કારણ સમજવાની દિશામાં કામ કરી રહ્યું છે. આ સ્ટડીમાં અચાનક થતા મોતનું મુખ્ય કારણ ખરાબ લાઈફસ્ટાઈલને માનવામાં આવ્યું છે.IMCR અને એમ્સની આ સ્ટડીને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના આ નિવેદનના એક દિવસ બાદ જાહેર કરવામાં આવી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, કોરોનાની રસી ઉતાવળમાં આપવામાં આવેલી મંજૂરી અને તેની વહેંચણી રાજ્યમાં યુવાનોના અચાનક મોતનું કારણ હોય શકે છે. તેમણે કોરોના રસીની સંભવિત સાઈડ ઈફેક્ટની સ્ટડી માટે એક પેનલ ગોઠવવાની જાહેરાત કરી હતી.

# જવાબ આપવાનું મન છે પણ...' અમેરિકામાંથી કાઢી મૂકવાની ટ્રમ્પની ધમકી પર ઈલોન મસ્કનો જવાબ



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લા તેમજ સ્પેસએક્સના માલિક ઈલોન મસ્ક વચ્ચે વાકયુદ્ધ એકવાર ફરી ચર્ચામાં છે. જોકે, આ વખતે ઈલોન મસ્કે સંયમ બતાવતા ફક્ત ૧૪ શબ્દોમાં પોતાની વાત મૂકી છે. લોકોને આશા હતી કે, મસ્ક એકવાર ફરી ટ્રમ્પને લઈને અમુક ચોંકાવનારા દાવા કરી શકે છે. કારણ કે, ટ્રમ્પે મસ્કને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે અને ત્યાં સુધી કહી દીધું કે, તેમને અમેરિકામાંથી કાઢી મૂકવામાં આવશે.

આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સોમવારે રાત્રે મસ્કની સામે એક તીખી પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે કહ્યું કે, મસ્કને ઈલેક્ટ્રિક વાહન (ઈવી) સબસિડી વિના પોતાની કંપની બંધ કરવી પડી શકે છે અને મસ્કે દક્ષિણ આફ્રિકા પાછા જવું પડી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું કે, 'ઈલોન મસ્કને ખબર છે કે, હું ઈવી મેન્ડેટની વિરોધમાં છું, તેમ છતાં તેમણે મારૂ સમર્થન કર્યું. સબસિડી વિના, મસ્કને કદાચ પોતાની દુકાન બંધ કરી દક્ષિણ આફ્રિકા પાછા જવું પડી શકે છે. ન રૉકેટ લૉન્ચ થશે, ન સેટેલાઈટ, ન ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન, અમેરિકાને તેનાથી ઘણી બચત થશે.'

આ સિવાય ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે, મસ્કને અત્યાર સુધીમાં સૌથી મોટી સબસિડી મળી છે અને આ સિવાય તેની કંપની કદાચ ટકી નહીં શકે. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, શું તે મસ્કના ડિપોર્ટેશન પર વિચાર કરશે? તો તેમણે જવાબ આપ્યો કે, 'અમારે આ વિશે વિચાર કરવો પડશે.

# દિલ્હીમાં જુના વાહનો પર પ્રતિબંધ શરૂ, પ્રથમ દિવસે બે બાઈકો જપ્ત

નવી દિલ્હી : રાજધાની દિલ્હીમાં ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો અમલ થતા જ પોલીસ હવે આવા તમામ જુના વાહનોને જપ્ત કરવા લાગી છે. મંગળવારે દિલ્હી પોલીસે આવી બે બાઈક જપ્ત કરી લીધી હતી જે હવે સ્ક્રેપમાં મોકલવામાં આવશે. અચાનક જ લોકોના વાહનો જપ્ત થવા લાગ્યા હોવાથી લોકોમાં એક પ્રકારની અકળામણ પણ જોવા મળી રહી છે.ટ્રાફિક ઈન્સ્પેક્ટર અશોક કુમારે કહ્યું હતું કે નિયમો મુજબના જુના વાહનોના ચેકિંગ દરમિયાન બે બાઈક જપ્ત કરવામાં આવી છે. જેને હવે સ્ક્રેપરને સોંપવામાં આવશે. જે બાદ વાહનના માલિકને સ્ક્રેપની જે વેલ્યૂ આવશે તે રકમ સોંપવામાં આવશે. એટલે કે જપ્ત કરાયેલી આ બાઈકોને ભંગારના ભાવે વેચવામાં આવશે અને તે રકમ તેના માલિકને આપવામાં આવશે. દિલ્હીમાં મંગળવારથી એન્ડ ઓફ લાઈફ વેહિકલ (ઈઓએલ) નીતિનો અમલ કરી દેવામાં આવ્યો છે. ૧૫ વર્ષ જુના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષ જુના ડીઝલ વાહનોને ના તો રોડ પર ચલાવવાની મંજૂરી અપાશે ના તો તેમને ઈંધણ આપવાની મંજૂરી મળશે.

નિયમો મુજબ જો આવા જુના વાહનો સાથે પકડાયા તો ફોર વ્હીલર્સના માલિકને ૧૦ હજાર રૂપિયા જ્યારે ટુ વ્હીલર્સના માલિકને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પોલીસ અને પરિવહન




વિભાગ સીધા પેટ્રોલ પંપો પર જ આવા વાહનોનું ચેકિંગ શરૂ કરી દીધુ છે. મંગળવારે આશરે ૩૫૦ જેટલા પેટ્રોલ પંપો પર ચેકિંગ કર્યું હતું. જેમાં ટ્રાફિક પોલીસે ૧૦૦ પંપો જ્યારે પરિવહન વિભાગે ૫૯ પંપો પર ચેકિંગ કર્યું હતું. એવા પણ પેટ્રોલ પંપોને કેટેગરીમાં મુક્યા છે કે જેઓ અત્યંત સંવેદનશીલ હોય જેની સંખ્યા ૯૦થી પણ વધુ છે. આ નીતિનો અમલ થતા જ દિલ્હીમાં આવા જુના વાહનોનું વેચાણ પણ વધી ગયું છે. વાહન માલિકો જુના વાહનો અન્ય રાજ્યોમાં વેચવા લાગ્યા છે. જ્યારે દંડથી બચવા માટે ભંગારમાં વેચવા લાગ્યા છે.

# પીક અવર્સમાં બમણું ભાડું આપવું પડશેઃ સરકારે કેબ કંપનીઓને આપી છૂટ, બાઈક માટે પણ મોટો નિર્ણય

કેબ એગ્રિગેટર્સ હવે પીક ટ્રાફિક અવર્સમાં નિર્ધારિત મૂળ ભાડાં કરતાં વધુ ભાડું લઈ શકશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા ૧ જુલાઈના રોજ નવી મોટર વ્હિકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ (સ્ફછ્ય) ૨૦૨૫ લાગુ કરી છે. જે અનુસાર, કેબ એગ્રિગેટર્સને પીક ટ્રાફિક અવર્સમાં મૂળ ભાડા કરતાં બમણા સુધી વધુ ભાડું વસૂલવા મંજૂરી આપવામાં આવી છે. અત્યારસુધી દોઢ ગણું વધુ ભાડું લેવાની મંજૂરી હતી.

કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને નવી ગાઈડલાઈન્સ આગામી ત્રણ મહિના સુધીમાં નવી ગાઈડલાઈન્સ લાગુ કરવા સૂચિત કર્યા છે. ટેક્સી-ઓટો ભાડામાં આ વધારો એગ્રિગેટર્સ પ્લેટફોર્મને વધુ પડતી માગ દરમિયાન સાનુકૂળતા આપવા તેમજ કિંમત અને સંચાલન માટે





એકંદરે રેગ્યુલેટરી ફ્રેમવર્કના પડકારો દૂર કરવાના ઉદ્દેશ સાથે લાગુ કરવામાં આવ્યો છે.

`લાંબાગાળાથી રેગ્યુલેટરી તફાવતને દૂર કરતાં નોન-ટ્રાન્સપોર્ટ (પ્રાઈવેટ) મોટરસાયકલને પણ પેસેન્જર વાહન તરીકે ઉપયોગ કરવા મંજૂરી આપી છે. એગ્રિગેટર્સ મારફત પેસેન્જર જર્નિ માટે ખાનગી વાહનોનો ઉપયોગ થઈ શકશે. જો કે, તેમાં રાજ્ય સરકારની મંજૂરી જરૂરી છે. ગાઈડલાઈન્સ અનુસાર, રાજ્ય સરકાર એગ્રિગેટર્સ મારફત શેરિંગ મોબિલિટી તરીકે મુસાફરી કરવા ખાનગી વાહનોને મંજૂરી આપી શકે છે. આ મંજૂરી આપવા પાછળનો હેતુ ટ્રાફિક, પ્રદુષણમાં ઘટાડો કરવા તેમજ અફોર્ડેબલ મોબોલિટી-હાઈપરલોકલ ડિલિવરીમાં સુધારો કરવાનો છે.

કેન્દ્ર સરકારના નવા સ્ફછ્ય ૨૦૨૫ નિયમોને ઓલા, ઉબર, રેપિડો સહિતના કેબ એગ્રિગેટર્સે આવકાર્યો છે. તેમાં પણ ખાનગી ટુ-વ્હિલર્સને મંજૂરી આપવાની ગાઈડલાઈનને વિકસિત ભારત તરફનું મહત્ત્વનું પગલું ગણાવ્યું છે. આ પરિવર્તન લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી અને અફોર્ડેબલ ટ્રાન્સપોર્ટ સુવિધામાં સુધારો કરશે. ઉબરે ઈનોવેશન અને રેગ્યુલેટરી સ્પષ્ટતા તરફનું પગલું ગણાવ્યું છે. સ્ફછ્ય ૨૦૨૫ ગાઈડલાઈન બાઈક ટેક્સી, ઈ-રિક્ષા, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ માટે વધતી માગ સહિત ભારતના શેરર્ડ મોબિલિટી લેન્ડસ્કેપમાં મહત્ત્વનો સુધારો છે.

# રશિયાથી ઓઈલ ખરીદ્યું તો ૫૦૦ ટકા ટેરિફ લગાવીશું, અમેરિકાના નેતાની ખુલ્લી ધમકી, બિલ લાવવાની તૈયારી

અમેરિકાએ ભારત અને ચીન સહિત રશિયા સાથે વેપાર કરતા દેશોને મોટો ફટકો આપવાની તૈયારી કરી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સેનેટ બિલ રજૂ કરવાને મંજૂરી આપી છે, જેમાં રશિયા સાથે વેપાર ચાલુ રાખતા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાની જોગવાઈ છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સેનેટ બિલ રજૂ કરવાને મંજૂરી આપી છે, જેમાં રશિયા સાથે વેપાર ચાલુ રાખતા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાની જોગવાઈ છે.યુએસ સેનેટર લિન્ડસ ગ્રેહામે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવતા આ નિર્ણયની પુષ્ટિ કરતા કહ્યું છે કે, 'જો તમે રશિયા સાથે વેપાર કરો છો અને યુક્રેનની મદદ નથી કરી રહ્યા તો અમેરિકામાં નિકાસ કરવામાં આવતા તમારા સમાન



પર ૫૦૦% ટેરિફ લગાવવામાં આવશે. ભારત અને ચીન તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે રશિયા પાસેથી ૭૦% તેલ ખરીદે છે. જે તેમના યુદ્ધ મશીનને ચાલુ રાખવામાં મદદ કરે છે. જો તેઓ આ બંધ નહીં કરે તો અમેરિકા તેના પર ભારે ટેરિફ લગાવશે.'

એવું માનવામાં આવે છે કે આ બિલ ઓગસ્ટમાં રજૂ થઈ શકે છે. આ બિલ માર્ચમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું, પરંતુ વ્હાઈટ હાઉસે વિરોધનો સંકેત આપ્યા બાદ તેને અટકાવી દેવામાં આવ્યું હતું. જો આવું થાય છે, તો તે રશિયાને આર્થિક રીતે અલગ પાડવાના અમેરિકાના પ્રયાસમાં એક મોટું પગલું માનવામાં આવે છે. જો આ બિલ પાસ થાય છે, તો તેની ભારત અને ચીન પર ગંભીર અસર પડી શકે છે. કારણ કે આ બંને દેશો ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડ ઓઈલના સૌથી મોટા ખરીદદારો છે. અમેરિકાના આ પગલાથી ભારત માટે ફાર્માસ્યુટિકલ્સ, કાપડ અને આઈટી સેવાઓ જેવી નિકાસ પર ટેરિફનું જોખમ પણ ઊભું થાય છે.ભારત રશિયન તેલનો મુખ્ય ખરીદદાર છે. યુક્રેન પરના આક્રમણના ત્રીજા વર્ષમાં, ભારતે ૪૯ અબજ યુરોનું ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું. પરંપરાગત રીતે ભારત મધ્ય પૂર્વમાંથી તેનું તેલ મેળવે છે, પરંતુ ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન પરના આક્રમણ પછી તરત જ ભારતે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ આયાત કરવાનું શરૂ કર્યું.ભારત-અમેરિકા ટ્રેડ ડીલ થવા જઈ રહી છે ત્યારે અમેરિકા દ્વારા આ બિલ પર ચર્ચા થઈ રહી છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે મંગળવારે જણાવ્યું હતું કે ટ્રેડ ડીલ ખૂબ નજીક છે. જ્યારે ભારતીય પ્રતિનિધિમંડળ વોશિંગ્ટનમાં યુએસ અધિકારીઓ સાથે સતત ચર્ચામાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કે મુખ્ય કૃષિ માંગણીઓને લઈને બંને દેશો વચ્ચે વેપાર કરારની વાટાઘાટો અટકી ગઈ હતી.આ બિલ અંગે વાત કરતા લિન્ડસે કહ્યું કે, 'મારા બિલમાં હવે ૮૪ સહ-પ્રાયોજકો છે. તે પ્રમુખ ટ્રમ્પને ચીન, ભારત અને અન્ય દેશો પર ટેરિફ લાદવાની મંજૂરી આપશે જેથી તેઓ વ્લાદિમીર પુતિનના યુદ્ધ મશીનને ટેકો આપતા અટકાવી શકે અને તેમને વાટાઘાટોના ટેબલ પર લાવી શકે. ગઈકાલે પહેલીવાર રાષ્ટ્રપતિ ટ્રમ્પે મારી સાથે ગોલ્ફ રમતી વખતે કહ્યું કે, તમારા બિલને આગળ વધારવાનો સમય આવી ગયો છે.

## તંત્રી લેખ....

# દેશની સ્ટીલની આયાતમાં ૨૭ ટકાનો ઘટાડો

દેશના સ્ટીલ ઉદ્યોગ માટે એકર રાહતના સમાચાર કહી શકાય એવા વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનામાં દેશની ફિનિશ્ડ સ્ટીલની આયાત વાર્ષિક ધોરણે ૨૭.૬૦ ટકા ઘટી છે. ચીન તથા જાપાન ખાતેથી નિકાસમાં ઘટાડો થતા ભારતની આયાત નીચી જોવા મળી હોવાનું પ્રારંભિક સરકારી ડેટા જણાવે છે.વિશ્વમાં ભારત કાચા સ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ છે. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલ-મેમાં ભારતની ફિનિશ્ડ સ્ટીલની એકંદર આયાત ૯ લાખ ટન રહી છે. ચીન ખાતેથી આયાતમાં ૪૭.૭૦ ટકાનો ધરખમ ઘટાડો થયો છે જ્યારે જાપાન ખાતેથી સ્ટીલ આયાતમાં વાર્ષિક ધોરણે ૬૫.૬૦ ટકાનું જંગી ગાબડુ પડયું છે. ચીન ખાતેથી બે લાખ ટન જ્યારે જાપાન ખાતેથી એક લાખ ટન આયાત થઈ છે. વર્તમાન વર્ષના એપ્રિલમાં ભારતે ચોક્કસ પ્રકારના સ્ટીલ પર ૧૨ ટકાની સેફગાર્ડ ડયૂટી લાગુ કરી છે. ચીન ખાતેથી સસ્તા સ્ટીલની આયાતને રોકવા આ ડયૂટી લાગુ કરવામાં આવી છે. એપ્રિલ-મેમાં દક્ષિણ કોરિઆ ખાતેથી ફિનિશ્ડ સ્ટીલની આયાત ૮.૨૦ ટકા વધી ૪ લાખ ટન રહી છે એમ પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે. ભારતની સ્ટીલ આયાતમાં ચીન, જાપાન તથા દક્ષિણ કોરિઆનો હિસ્સો ૭૪.૪૦ ટકા રહ્યો છે. એચઆર કોઈલ અથવા સ્ટ્રીપ્સ ભારતની સૌથી મોટી આયાત છે. આયાતની સાથોસાથ દેશની સ્ટીલ નિકાસમાં પણ એપ્રિલ-મેમાં ૧૮.૧૦ ટકા ઘટાડો થયો છે.

# જૂન માસમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ વધીને ૧૪ મહિનાની ટોચે પહોંચી

મુંબઈ : સમાપ્ત થયેલા જૂનમાં નિકાસમાં ઝડપી વધારાના ટેકા સાથે દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ વધી ૧૪ મહિનાની ઊંચી સપાટીએ જોવા મળી હતી. ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ વધવાને કારણે રોજગારમાં પણ વૃદ્ધિ જોવા મળી હોવાનું ખાનગી સર્વેમાં જણાવાયું હતું. એસએન્ડપી ગ્લોબલ દ્વારા એકત્રિત કરાયેલા ઉત્પાદન ક્ષેત્રનો એચએસબીસી ઈન્ડિયા પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) જૂનમાં ૫૮.૪૦ રહ્યો છે જે મેમાં ૫૭.૬૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે.જૂનમાં સતત ૪૮માં મહિને ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિનું વિસ્તરણ થયું છે.

છેલ્લા વીસ વર્ષથી જ્યારથી સર્વે રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે ત્યારથી નિકાસ ઓર્ડરમાં ઝડપી વધારો જોવા મળ્યો છે. ઉત્પાદકો દ્વારા કાચા માલની ખરીદીમાં વધારો થયો છે, જેને પરિણામે ઉત્પાદન એકમો ખાતે સ્ટોકસમાં વધારો થયો છે.૨૦૨૪ના એપ્રિલ બાદ, ઉત્પાદન વોલ્યુમ્સમાં ઝડપી વધારો જોવા મળ્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. માગ તથા વેચાણમાં વૃદ્ધિને કારણે ઉત્પાદન વોલ્યુમ ઊંચુ જોવા મળ્યું છે. નિકાસ ઓર્ડરમાં માર્ચ, ૨૦૦૫ બાદ ત્રીજો મોટો વધારો થયો છે. માર્ચ ૨૦૦૫થી પીએમઆઈ રિપોર્ટ તૈયાર કરવાનું શરૂ કરાયું છે. નવા નિકાસ ઓર્ડરમાં નોંધપાત્ર વધારો થવાને પરિણામે કંપનીઓ ખાતે ફિનિશ્ડ સ્ટોકસની ઈન્વેન્ટરી ઘટી રહી છે. નિકાસ ઓર્ડરમાં વધારો થવાને કારણે રોજગારમાં ઝડપી ગતિએ વધારો થયો છે. મોટાભાગના ઉત્પાદકો જેમનો સર્વે કરવામાં આવ્યો છે તેમણે ટૂંકા ગાળે ભરતી કરવાનું શરૂ કર્યું હતું.

અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રેસિપ્રોકલ ડયૂટી લાગુ કરવાની મુદત ૯ જુલાઈ નજીક આવી રહી હોવાને ધ્યાનમાં રાખતા નિકાસ ઓર્ડરમાં વધારો જોવા મળ્યો હોવાનું માનવામાં આવે છે.

# વ્યક્તિગત લોનધારકોનું માથા દીઠ દેવું છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધ્યું




મુંબઈ : દેશમાં વ્યક્તિગત લોનધારકોનું માથા દીઠ દેવું છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધ્યું હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે. માર્ચ, ૨૦૨૩માં માથા દીઠ દેવાનો આંક જે રૂપિયા ૩.૯૦ લાખ કરોડ હતો તે માર્ચ ૨૦૨૫ના અંતે વધી રૂપિયા ૪.૮૦ લાખ કરોડ પહોંચી ગયું છે. રહેઠાણ લોનમાં સ્થિર વધારાને પરિણામે માથાદીઠ દેવાના સ્તરમાં વધારો થયાનું રિઝર્વ બેન્કના રિપોર્ટમાં જણાવાયું છે. માર્ચ, ૨૦૨૫ના અંતે કુલ પારિવારિક દેવામાં રહેઠાણ લોનનો હિસ્સો ૨૯ ટકા રહ્યો હતો. મૂલ્ય સામે લોનની માત્રામાં થઈ રહેલા વધારા સામે રિપોર્ટમાં ચિંતા વ્યકત કરવામાં આવી છે. મૂલ્ય સામે ૭૦ ટકાથી વધુની લોન ધરાવતા લોનધારકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે દેશમાં પારિવારિક દેવાનો આંક જીડીપીના ૪૧.૯૦ ટકા રહ્યો હતો. જો કે અન્ય ઊભરતી બજારોની સરખામણીએ ભારતનું આ સ્તર પ્રમાણમાં નીચું છે. માર્ચ, ૨૦૨૫ના અંતે કુલ પારિવારિક દેવામાં ઉપભોગ માટેની લોનનો હિસ્સો ૫૪.૯૦ ટકા રહ્યો હતો. લાંબા ગાળાની નાણાંકીય સ્થિરતાની ખાતરી રાખવા પારિવારિક દેવાના ટ્રેન્ડસ પર નજર રાખવા પર પણ રિપોર્ટમાં ભાર અપાયો છે.

# સેવાલિયા . શ્રી.સી .પી.પટેલ હાઈસ્કુલ ખાતે શૈક્ષણિક કીટ વિતરણ નો ભવ્ય કાર્યક્રમ યોજાયો



અંગાડી.તા.૨

ગળતેશ્વર તાલુકાના મુખ્ય મથક એવા સેવાલિયા ખાતે આવેલ શ્રી શ્રેયસ એજ્યુકેશન સોસાયટી. સંચાલિત . શ્રી.સી .પી .પટેલ હાઈસ્કુલમાં અંગ્રેજી માધ્યમ. ગુજરાતી માધ્યમ. અને ધોરણ ૧ થી ૮ ના તથા ધોરણ નવ થી ૧૨ ગ્રાન્ટેડ શાળાના આમ ધોરણ ૧ થી ૧૨ ના તમામ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ નો કાર્યક્રમ દાતા શ્રીમતી. માધુરીબેન કમલેશભાઈ પટેલ. વસો વાળા ના અધ્યક્ષ સ્થાનમાં ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન તરીકે પ્રોફેસર. શ્રી ડી. સી .પટેલ. શાળાના ટ્રસ્ટી શ્રી. કનુભાઈ પટેલ. અમિતભાઈ પટેલ. જયેશભાઈ પટેલ. કમલેશભાઈ પટેલ. શાળાના પ્રિન્સિપાલ શ્રી જયવીર સિંહ. એ. મહિડા. તન્મય પ્રાઈમરી સ્કૂલ. અંગ્રેજી માધ્યમના આચાર્ય શ્રીમતી. પ્રફિતા બેનવિષ્ણુ. ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શુભ શરૂઆત ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના. સ્વાગત ગીત. અને સમારંભના મુખ્ય મહેમાનો ના વરદ હસ્તે. દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી.જે.એ.મહિડા. એ સૌ આમંત્રિત મહિમાનું ખરા દિલથી શાબ્દિક સ્વાગત કરી સમારંભ ના મુખ્ય દાતા શ્રીમતી. માધુરીબેન પટેલ નું પુષ્પમાળા અને મોમેન્ટ આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. તેમજ અન્ય મહેમાનોનું પણ ફૂલહાર અને મોમેન્ટ આપી શાળા પરિવાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સમારંભના મુખ્ય મહેમાન પ્રોફેસર શ્રી ડી .સી .પટેલ સાહેબ. અને આણંદના શ્રી અમિતભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન આપી આ શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. આ શાળાની શરૂઆત ૧૯૮૨ માં કરવામાં આવી હતી છેલ્લા ૪૪ વર્ષમાં આ શાળાએ તાલુકા અને જિલ્લા સંગ કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે તે માટે શાળા પરિવારનું અને ટ્રસ્ટીમંડળનું આભાર વ્યક્ત કરી આ શાળા માં ગયા વર્ષે ૭૦૦ બાળકો હતા અને આ વર્ષે ૧૧૦૦ બાળકોની સંખ્યા ધરાવે છે તે ખૂબ જ પ્રશંસા ને પાત્ર છે. આમ આ શાળા શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે અને આવનાર દિવસોમાં જિલ્લામાં શ્રેષ્ઠ શાળા તરીકે નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. અને સમારંભ નાદાતા શ્રીમતી માધુરીબેન પટેલ નું ખુબ ખુબ આભાર વ્યક્ત કરી ઉદાર દિલથી દાન આપી સમાજની સાચી સેવા કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી. સમારંભ ના મુખ્ય દાતાશ્રી માધુરીબેન પટેલ દ્વારા શૈક્ષણિક કીટ ધોરણ ૧ થી ૧૨ ના તમામ બાળકોને પોતાના વરદ હસ્તે આપવામાં આવી હતી આ કીટમાં શાળાનું ગણવેશ.બુટ. સ્કુલ બેગ. પુસ્તકો. નોટબુક. ચોપડા. બોલપેન સેટ. શાળાના અંગ્રેજી માધ્યમ. ગુજરાતી માધ્યમ. અને ધોરણ ૯ થી ૧૨ ના ગ્રાન્ટેડ શાળાના તમામ વિદ્યાર્થીઓની આ કીટ મફત દાન પેટે અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગેશાળા પરિવાર દ્વારા દાતા શ્રીમતી માધુરીબેન પટેલ નું આચાર્યશ્રી જયવીરસિંહ મહિડા ના વરદહસ્તે ફુલહાર. મોમેન્ટ. અને ૪૮ ઈંચ નું ટી.વી .અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સફળ સંચાલન શાળાના શિક્ષક શ્રી .બી .એસ. પ્રજાપતિએ અને આભાર વિધિ ઘનશ્યામભાઈ એ કરી હતી. કાર્યક્રમના અંતમાં બાળકો અને વાલીઓ તેમજ આમંત્રિત તમામ મહેમાનો માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતમાં શાળાની બાળાઓ દ્વારા આ મારું ગુજરાત. ના ગરબા ની. રમઝટ વચ્ચે કાર્યક્રમને સમાપન કરવામાં આવ્યું હતું.

# કોલકાતા ગેંગરેપ: ત્રણ આરોપીઓની કસ્ટડી ૮ જુલાઈ સુધી લંબાવાઈ

કોલકાતામાં કાયદા કોલેજના પ્રથમ વર્ષની વિદ્યાર્થિની પર થયેલા ગેંગરેપના ત્રણ આરોપીઓની પોલીસ કસ્ટડી ૮ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે.મુખ્ય આરોપી મનોજીત મિશ્રા, ઝૈબ અહેમદ અને પ્રમિત મુખર્જીની ૨૬ જૂને ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે અગાઉ તેમને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા.આ દરમિયાન, શનિવારે ધરપકડ કરાયેલા કોલેજ સિક્યુરિટી ગાર્ડ પિનાકી બેનર્જીની કસ્ટડી પણ ૪ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે.આ તરફ દક્ષિણ કોલકાતા લો કોલેજે શિસ્તભંગના પગલાં લીધા છે અને મનોજીત મિશ્રાની નોકરીમાંથી કાઢી મુક્યો છે અને બંને વિદ્યાર્થી આરોપીઓને કોલેજમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.આ ઉપરાંત, કોલેજ પ્રશાસને બાર કાઉન્સિલને મિશ્રાનું સભ્યપદ રદ કરવાની ભલામણ પણ કરી છે કારણ કે તે એક પ્રેક્ટિસિંગ એડવોકેટ છે.



લો કોલેજના વાઈસ પ્રિન્સિપાલ નયના ચેટર્જીએ કહ્યું હતું કે મુખ્ય આરોપી મનોજીત મિશ્રાને થોડા મહિના પહેલા હંગામી ફેકલ્ટી સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. કાયમી સ્ટાફની અછતને કારણે આ ભરતી કરવામાં આવી હતી.ચેટર્જીએ જણાવ્યું હતું કે કોલેજ પ્રશાસનને મીડિયા દ્વારા આ ઘટનાની જાણ થઈ હતી. પીડિત વિદ્યાર્થિની કે અન્ય કોઈએ કોલેજ પ્રશાસન સમક્ષ આ ઘટના અંગે કોઈ ફરિયાદ નોંધાવી નથી.તેમણે કહ્યું કે ઘટનાના એક દિવસ પછી પોલીસે કેમ્પસમાં પ્રવેશવાની મંજુરી માંગી હતી. સુરક્ષા ગાર્ડ્સને પણ આ અંગે જાણ ન કરવા કહેવામાં આવ્યું હતું. પોલીસે ગ્રાઉન્ડ ફ્લોર પરના બે રૂમ સીલ કરી દીધા છે. વાઈસ પ્રિન્સિપાલે પણ સ્વીકાર્યું છે કે ગાર્ડ્સે તેની ડ્યુટી યોગ્ય રીતે કરી ન હતી.

# ક્યાં વસે છે વિશ્વના સૌથી વધુ ધનિકો? ભારતનું આ શહેર પણ ટોપ-૧૦માં સામેલ

વિશ્વમાં ધનિકોની સંખ્યા સતત વધી રહી છે. વૈશ્વિક સ્તર પર માત્ર અબજોપતિની સંખ્યા જ ૩૦૦૦થી વધી છે. ફોર્બ્સે ૨૦૨૫માં વિશ્વના અબજોપતિની યાદી અને સૌથી વધુ અબજોપતિ ધરાવતા શહેરોની યાદી જાહેર કરી છે. જેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, વિશ્વના ૧/૪ અબજોપતિ માત્ર ૧૦ શહેરોમાં જ વસે છે. આ ટોપ-૧૦ શહેરોમાં અમેરિકા ટોચ પર છે. જ્યારે ભારતનું મુંબઈ આ યાદીમાં છઠ્ઠા ક્રમે છે. ભારતના ૬૭ અબજોપતિની રહેવા માટેની પસંદગીનું સ્થળ મુંબઈ છે.



ફોર્બ્સના રિપોર્ટ અનુસાર, વિશ્વના ૩૦૨૮ અબજોપતિમાંથી ૧/૪ ધનિકો માત્ર ૭ દેશોના ૧૦ શહેરોમાં વસે છે. જે મજબૂત બિઝનેસ ઈકો-સિસ્ટમ, રોકાણ સાનુકૂળ નીતિઓ અને સંપન્ન ઉદ્યોગોના કારણે ધન આકર્ષિત કરનારા શહેરો છે. અમેરિકાના ન્યૂયોર્કમાં સૌથી વધુ ધનિકો વસે છે. અહી કુલ ૧૨૩ અબજોપતિ વસવાટ કરી રહ્યા છે. જેમની કુલ નેટવર્થ ૭૫૯ અબજ ડોલર છે.

અમેરિકા લાંબા સમયથી ધનિકો માટે પસંદગીનો દેશ રહ્યો છે. જેમાં ન્યૂયોર્ક છેલ્લા ૧૨ વર્ષથી ધનિકોની રહેવા માટેની પહેલી પસંદ રહ્યું છે. ન્યૂયોર્કમાં રહેતાં મોટાભાગના ધનિકો ફાઈનાન્સ, રિયલ એસ્ટેટ અને રિટેલ બિઝનેસ સાથે જોડાયેલા છે.

# અમેરિકામાં હિન્દુ મંદિર વિરુદ્ધ 'હેટ ક્રાઈમ', ત્રણ વખત હુમલો કરી ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ

અમેરિકાના એક હિન્દુ મંદિર પર વારંવાર થઈ રહેલા હુમલાને લઈને ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. તાજેતરમાં મંદિર પર કરવામાં આવેલા ગોળીબારની ઘટનાની નિંદા કરતા અપીલ કરવામાં આવી કે, જલ્દીમાં જલ્દી આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવે અને તેને ન્યાયના કટઘરામાં લાવવામાં આવે.

મળતી માહિતી મુજબ, અમેરિકાના યુટા રાજ્યના સ્પેનિશ ફોર્કમાં હાજર ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં ગોળીબારની ઘટના બની હતી. આ મંદિર પર આશરે ૩ વાર હુમલો કરવામાં આવ્યો છે. જેમાં મંદિર પર ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું. જેનાથી મંદિરને ઘણું નુકસાન થયું હતું. આ મંદિર દર વર્ષે હોળીની ઉજવણી માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. બે દાયકા જૂનું આ મંદિર સ્પેનિશ ફોર્કમાં એક પહાડ પર આવેલું છે.સેનફ્રાન્સિસ્કોમાં હાજર ભારતના કોન્સુલેટ જનરલે આ ઘટનાની નિંદા કરી છે. તેમણે સમુદાય સાથે એકજૂટતા દર્શાવી અને તુરંત કાર્યવાહીની અપીલ કરી છે. કોન્સુલેટ જનરલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે, 'અમે ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં હાલમાં થયેલા ગોળીબારની આકરી ટીકા કરીએ છીએ અને તમામ ભક્તો તેમજ સમુદાયનું સમર્થન કરીએ છીએ. સ્થાનિક અધિકારીઓને અપીલ કરીએ છીએ કે, આરોપીઓ સામે તુરંત કાર્યવાહી કરીને તેમને ન્યાયના કટઘરામાં લાવવામાં આવે.'મંદિરનું સંચાલન સંભાળનાર અધિકારીઓનું કહેવું છે કે, ઘૃણાના કારણે આ હુમલા કરવામાં આવી રહ્યા છે. મંદિરની સહ-સંસ્થાપક વૈભવી દેવીએ પણ આ ઘટનાની નિંદા કરી.

# સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં પ્લાસ્ટિકની બોટલો પર પ્રતિબંધ, કાચની બોટલમાં મળશે પાણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય કેમ્પસમાં ઈકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસીલીટીનો પ્રારંભ કરાવ્યો હતો. સચિવાલય અને વિધાનસભા કેમ્પસમાં હવે આ ફેસિલિટી અંતર્ગત પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં પીવાનું પાણી આપવામાં આવશે. એટલું જ નહી પ્લાસ્ટિક બોટલના ભાવે જ કાચની બોટલમાં પીવાનું પાણી મળશે. પ્લાસ્ટિકના ઉપયોગને ન્યૂનતમ કરવા સચિવાલય કેમ્પસમાં મહિલા મંડળ દ્વારા નવા સચિવાલય બ્લોક નંબર ૧૩ના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કાચની બોટલના પરિવહન માટે જે ઈ-રિક્ષાનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્લાન્ટ કાર્યરત થતાં સચિવાલય કેમ્પસમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક



બોટલનો વપરાશ બંધ કરીને હવે નજીવા દરે કાચની બોટલમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવવાને કારણે પ્લાસ્ટિક વેસ્ટમાં પણ ઘટાડો થશે.

માં નર્મદા એકતા મહિલા મંડળની બહેનો દ્વારા સંચાલિત આ પર્યાવરણલક્ષી પ્રકલ્પમાં જે ટેકનોલોજી અપનાવવામાં આવી છે તે પણ વડોદરાના યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ અને ટીમે વિકસાવેલી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર ખાતે યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે અને તેમણે બે પેટન્ટ

# ઈઝરાયલ સાથેની ૭૭ વર્ષની દુશ્મનાવટ ખતમ કરશે મોટો ઈસ્લામિક દેશ!

સીરિયામાં ૧૪ વર્ષના ગૃહયુદ્ધ બાદ પરિસ્થિતિ હવે સામાન્ય થઈ રહી છે. અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કર્યા છે અને હવે આ ઈસ્લામિક દેશ ફરીથી સામાન્ય જીવન તરફ આગળ વધી રહ્યો છે. આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે અને સુરક્ષામાં પણ સુધારો થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સીરિયાના નવા રાષ્ટ્ર પ્રમુખ અહમદ અલ શારા સાથે મુલાકાત કરી આ અંગે જાહેરાત કરી હતી. ઈઝરાયલ અને સીરિયા વચ્ચે પણ સીધી વાતચીત થઈ છે. બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવા ટૂંકસમયમાં મોટી જાહેરાત કરે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

મધ્ય-પૂર્વના રાજકીય નિષ્ણાતોએ જણાવ્યા પ્રમાણે, અમેરિકાએ સીરિયા પરથી તમામ પ્રતિબંધો દૂર કરવા મામલે એવો સોદો કર્યો હશે કે તેણે ઈઝરાયલ સાથે સંબંધો સુધારવા પડશે. જેના ભાગરૂપે સીરિયા એ દિશામાં આગળ વધી રહ્યું છે. જો આવું કંઈક થાય તો તે વૈશ્વિક રાજકારણમાં મોટો ફેરફાર હશે કારણ કે સીરિયા અને ઈઝરાયલ ૧૯૪૮થી યુદ્ધ કરી રહ્યા છે. આ કરાર સાથે ૭૭ વર્ષ જૂની દુશ્મનાવટનો અંત આવશે. બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે સીધી વાતચીત થઈ છે. બંને દેશ ૨૦૨૦થી અબ્રાહમ અકોર્ડમાં સામેલ છે.

સીરિયાના ઈઝરાયલ સાથેના સંબંધોને સામાન્ય બનાવવા એ અબ્રાહમ અકોર્ડનું વિસ્તરણ હશે. અબ્રાહમ અકોર્ડ એ ઈઝરાયલ અને વિવિધ અરબ દેશો વચ્ચે રાજકીય સંબંધો સ્થાપિત કરતો કરાર છે. જેની શરૂઆત યુએઈ અને બેહરિન સાથે થઈ હતી.



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO- 195**
વિષયઃ ભીતર નો ભેરુ
શીર્ષકઃ ક્યાં ભાળું ?
પ્રકારઃ પદ્ય અછાંદસ શબ્દોઃ ૮૭

ક્યાં ભાળું, ક્યાં ભાળું એ ભીતરનો ભેરું ક્યાં ભાળું?
અંધારુ થઈ ગયું અંતરમાં ક્યાં ભાળું એ અજવાળું?

જીર્ણ જીર્ણ થૈ ગ્યું જીવન જગ્ર જતો રહ્યો જીવનનો,
રોળાઈ ગયું હૃદય રસ્તામાં, મારા રામ તણું રાખવાળું.

હંસલો હોમાઈ ગયો હૈયાનો થઈ ગયું સરોવરિયું સૂનું
સરી ગયું સ્વપ્ન સરિતા સમ ભેરું વિના ક્યાં ભાળું ?

કોરાઈ ગઈ કાળજાની કોર અંતર થઈ ગયું ઓઘાયું,
તાર તાર થઈ ગઈ તૃષ્ણા વખાઈ ગયું તન પર તાળું.

આત્મા ખોવાઈ ગયો મારો પરમાત્મા ખોવાઈ ગયો,
ભવભવના ભેરું "રમા" તમને ભીતર માં ક્યાં ભાળું ?

અમૃત શ્રીમાળી .મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGGS:226**
વિષયઃ- ભીતરનો ભેરુ
શિર્ષકઃ- ભીતરનો ભેરુ આત્મા
રચનાઃ- પદ્ય શબ્દોઃ-૫૮
?
?જગમાં મારા ભેરુઓ અપાર જુઓ.
વસ્યો ભેરુ તો અંદર આત્મા સાચો.

ભિતરનો ભેરુ મારો ઘણો નિરાળો.
સદા મને કલ્યાણને માર્ગ ચલાવ્યો.

ચિંધે પરોપકાર તણા માર્ગ વ્હાલો.
એ બુરાઈ તણાં માર્ગથી બચાવતો.

મળે ના કોઈ મને માર્ગ, સથવારો.
હરઘડી હરપળ દિલે એ રહેનારો.

ઈશ્વરનો અર્પેલો ઉપહાર નિરાળો.
આત્મા તો સદાય અમર રહેવાનો.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ધ.જજ ર્દ્ધ. ૩૯૩
વિષય :- 'ભીતરનો ભેરુ'
શીર્ષક :- 'ભીતરનો મુશાયરો'
પ્રકાર :- પદ્ય,ગઝલ (શબ્દો :-૧૦૦)

ભીતરના ભેરુ સંગ, મુશાયરો ભરીને બેઠો છું,
અહીં એકજ વક્તા, ને વળી એકજ શ્રોતા છે.

ભાવથી જ્યારે તેનું નામ આવે છે ગઝલમાં,
ત્યારે ઉમંગથી વાહ વાહ, કરતો ઘનશ્યામ છે.

છંદ હો કે અછંદ, મધુરી ગઝલ એ ગઝલ છે,
દિપ હો કે દિવાકર, મારે તો ઉઝાશની જરૂર છે.

નદી હો કે સરોવર, મારી મહુલિએ શા કામના ?
પ્યાસા રાહદારીને, ઝુંપડીના પરબની જરૂર છે.
થાક્યા હાર્યા મુસાફીર, આ લીમડાની છાંયે બેઠા,
'પધારો મે'માન, થોડુ જળ લો,' પુછવાની જરૂર છે.
પુછે કે મંજિલ કેટલી દુર ? કહો હમણા આવી જશે,
'સ્વજન' તેને દૂરતાની નહીં, દિલાસાની જરૂર છે.
(યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષયઃ-"ભીતરનો ભેરુ"
શિર્ષક :-"હવે હું શું કરૂં"
પ્રકાર :- પદ્ય શબ્દો :-૧૦૪

ભીતરનો ભેરુ એ મારો આત્મા છે,
તેના વિનાનું જીવન મારૂં પાંગળુ છે,
તે મારાથી આજે કેમ રુઠી ગયો છે,
તેને મનાવવા માટે હવે હું શું કરૂં?

તેના વિના આ મન અતિ બેચેન છે,
મારૂ તન પણ તેના વિના નિસ્તેજ છે,
મારા માટે એ ખૂબ ખૂબ અનમોલ છે,
તેને મનાવવા માટે હવે હું શું કરૂં?

જનમથી જ મારે તેની સાથે નાતો છે,
મારા સુખ-દુઃખનો એ સાચો સાથી છે,
તેના વિના જીવનમાં અંધકાર લાગે છે,
તેને મનાવવા માટે હવે હું શું કરૂં?

ભીતરના ભેરુને મારે હવે મનાવવો છે,
તેના રુઠવાનું નિરાકરણ મારે કરવુ છે,
ફરીથી ન રુઠે એવુ વચન મારે લેવુ છે,
"મુરલી" છતાં પણ રુઠે તો હું શું કરૂં?

ધનજીભાઈ ગઢીયા"મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :-168**
વિષયઃ- ભીતરનો ભેરુ
શીર્ષકઃ- ભીતરનાં ભેરુને ઓળખીયે...
પ્રકારઃ- ગદ્ય સંખ્યાઃ- ૩૪૩

આ માનવ શરીર... મા નાં ગર્ભમાં, પરમપિતા પરમાત્માની કૃપા થી આત્માને પ્રાપ્ત થાય છે. અને ધરતી માતાનાં ખોળામાં અવતરણ થતાં નામરૂપ ધારણ કરનાર માનવ શરીરને 'જીવ આત્મા' કહેવાય છે.' આ માનવ શરીર આત્માનો રથ કહેવાય છે અને આ શરીરને ચલાવનાર આત્મા રથી બને છે. આત્મા આત્મા જ છે. ( ચમકતો તારા જેવો -) આત્મા ક્યારે પણ પરમાત્મા નાં બની શકે. 'જેમ બાળક ક્યારે પણ પિતાનો પિતા નાં બની શકે.' એમ આત્મા ક્યારે પણ પરમાત્મા નાં બની શકે. જો આત્મા પરમાત્મા બની જાય તો આ ધરતી નરક સમાન ન બની સ્વર્ગ બની જાય. અને ક્યારે પણ દુરાચાર પાપાચાર યુદ્ધ પ્લેન ક્રેશ ની ઘટના ઘટીત ના થાય. સંપૂર્ણ વહીવટ સતયુગ સમાન ચાલે... આત્મા અવિનાશી છે. મૃત્યુ એને બાળી શકતું નથી. આત્મા જન્મ મરણનાં ચક્કરમાં આવે છે. પરમાત્મા જન્મ મરણનાં ચક્કરમાં નથી આવતાં. આત્મા શરીર ધારણ કરે છે. પરમાત્મા શરીર ધારણ નથી કરતાં.
આત્મા પરમાત્મા નો વંશ છે. મન બુદ્ધિ સંસ્કાર આત્માના સંસ્કાર છે.અને પવિત્રતા પ્રેમ શક્તિ શાંતિ સુખ જ્ઞાન આનંદ આ બધાં આત્માનાં ગુણો છે. જ્યારે પણ મનુષ્ય- 'જીવ-આત્મા' અહંકારમાં આવી એનાં ગુણો નાં સંસ્કારથી વિચલિત થઈ સંબંધ સંપર્ક માં આવી દુષ્ટકર્મ કરી બેસે છે ત્યારે આત્મા બદનામ થઈ- પાપી આત્મા, દુષ્ટ આત્મા બને છે. અને અધોગતિને પામે છે. ભક્તિમાર્ગમાં ભક્ત કોપી કરી પૂજા કરતાં હોય છે. અને જ્ઞાનમાર્ગમાં જ્ઞાની, જ્ઞાન પામી પવિત્ર બની યોગી બની આત્મસાત કરવા પ્રેરાઈ આત્મજ્ઞાની બને છે. આત્મજ્ઞાની બનતા સૃષ્ટિ ચક્ર નું જ્ઞાન પ્રાપ્ત કરે છે.
પરમાત્મા તો એક દિવ્ય તેજોમય પ્રકાશ છે. જે 'શીવ બાબા' (ભગવાન) તરીકે ઓળખાય છે. અને તેઓ બ્રહ્માંડનાં નિવાસી છે. જે કળિયુગ નો નાશ કરી સત્યયુગ ની સ્થાપના કરે છે. માનવ શરીરમાં આત્માનો સ્થાન મગજમાં આવેલ ભ્રુગુટીના મધ્ય ભાગમાં 'હાયપોથેલેમસ પિચ્યુટરી ગ્રંથિ' પાસે આવેલું છે. મનુષ્યે આત્માને ઓળખવા કાજે આજુબાજુનાં બાંધ્ય આકર્ષણથી ધ્યાન હટાવી, ધ્યાન ધરી, આત્મસાત કરી પરમાત્માનાં નજીક નો અહેસાસ કરી શકે છે. ભીતરનાં ભેરુને યથાર્થ રીતે જાણવાં માણવા અને ઓળખવામાં માટે એક વખત મૃત્યુ પહેલાં શ્રીમદ ભગવદ્ ગીતા જરૂર વાંચી જવું.
આપણો ભીતરનો ભેરુ (આત્મા) આપણો રક્ષક છે.તો જરૂરથી આપણે આપણાં વાહ..! ભીતર ના ભેરુ સાથે... આત્મસાત્
કરી જિંદગીનો આનંદોત્સવ મૃત્યુ પહેલા ઉજવી મૃત્યુ ને સફળ બનાવીએ.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no 2o5**
વિષયઃ ભીતર નો ભેરૂ
શિર્ષકઃઢાલ સરીખો મિત્ર
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ ૧૫૦

હું ભીતર નો ભેરૂ તેને જ કહું કે
અંતર ના નાદ થી સાદ સાંભળે મારો

સુખ માં તો સૌ ચાલે
દુઃખ માં ખડે પગે ઊભો રહેનારો

જીવન એક સંઘર્ષ છે તે હું જાણું છું
પણ તે મારા સંઘર્ષ માં ભાગ લેવા વાળો
તમને તાલી મિત્ર લાખ મળશે
ખાલી મિત્ર હજાર
પણ જો પ્યાલી મિત્ર કોક એવો મળી ગયો તો તમારૂં જીવન બરબાદ
પણ તમારો ભીતર નો ભેરૂ એવો ગોતો કે જે તમારો અળઘી રાત નો હોકાર
સાચો મિત્ર કે તમે જેની પાસે જય ને
તમારી અંદરની વેદનાં ઠલવી શકો
અને જીંદગી જીવવા માટે નો સાચો રસ્તો દેખાડે
આપણા ગુજરાતી માં એક કહેવત છે કે કાળીયો અને ધોળીયો બન્ને સાથે
બાંધો તો રંગ ન આવે પણ સંગ આવે
તેમ ઘણા મિત્રો આપણ ને અવળી લાઈને પણ ચડાવતા હોય છે
અથાગ પ્રયત્નો કરી ને ઉમ્મીદ કરી મેં
નિભાવી જાણી આ પથીક ના ભીતર ના ભેરૂ એ એક સાચી મિત્રતા
મારે અને કહેવું પડે નહીં કાય
જે તમારો ચેહરો જોય ને સમજી જાય

રચના-પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS :- 334**
વિષયઃ- ભીતરનો ભેરુ
શીર્ષકઃ- ભીતરનો ભેરુ
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૬૮

ભીતરનો ભેરુ અંતરાલે ધબકી રહ્યો સતત,
સત્ય વિલસી રહ્યું સદા,જ્યોત ઝળહળ થાય.

દિલથી નામ પોકારતાં ,તત્ક્ષણ પ્રગટ થાય,
ભ્રકુટિ મધ્યે ધ્યાન લગાવતાં,શીઘ્ર દર્શન થાય.

છે લીલા અકળ પ્રત્યેક શ્વાસે શ્વાસે દરશાય,
નૂરત સૂરતમાં નિરખીએ તો ગગનમંડલે સોહાય.

એકાગ્ર થઈ બનો શૂન્યવત,ખૂલે પરમનું દ્વાર,
નિરંતર ઉપાસના કરતાં,થાય જીવનનો બેડો પાર.

થાય દષ્ટિ વિશાળ જ્યાં ભેદ ના રહે લગાર,
એકરૂપ થઈ જગ નીરખો,પ્રભુ સકલ જગમાંય.
?મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ'
આભાર - નિહારીકા રવિયા હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**? NOGSS-400**
વિષય-ભીતર નો ભેરુ
શીર્ષક-મળી લે. પ્રકાર- પદ્ય
શબ્દો સંખ્યા-૧૦૨

એકવાર તું જ તને મળી લે પ
તારા ભીતરના ભેરુ સાથે ભળી લે પ

નાદ એનો સમજી લે ..
સાદ એનો સાંભળી લે ..
દૂર તારો સઘળો અવસાદ કરી લે ..

જનમ જનમનો એ સાથી ..
આંધી તોફાનનો સાચો સંગાથી ..
વાટમાં એની ભાઈબંધી મેળવી લે ..

જીવતરનું એ મહામૂલું ઘરેણું ..
પ્રગટાવે સંગીત જાણે ભીતર વાગે વેણુ ..
સુરમય એ સુર જરા સાંભળી લે ..

આતમનો પ્રકાશ છે એ ..
રાહનો અજવાસ છે એ..
જીવનની જ્યોત જરા પ્રગટાવી લે ..

પાપ પુણ્યનો ભેદ સમજાવે ..
આત્મવિશ્વાસનો અભેદ કિલ્લો રચાવે ..
જીવનને બુલંદ બનાવી લે ..

દુઃખને ઝીલાવે..
સુખને ખીલાવે પ
જિંદગીની જડીબુટ્ટી પીવડાવી લે ..

ભીતરનો ભેરુ જો મળે ..
આતમ રામ આમથી તેમ ના આથડે ..
એની ઓથે જિંદગીને વિશ્રામ કરી લેપ

??માલા કકકડ..મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષયઃભીતરનો ભેરુ
શીર્ષકઃમનની વાત
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૪૬

ઓ શામળિયા મારે કરવી મનની વાત.
દુઃખ તારે કેવું જનમ તારો જેલમાં, તારા માતાપિતા બેડીએ મારે કરવી મનની વાત.

શ્રાવણના મેઘ ગાજ્યા, માઝમ કેરી રાત, બારના ટકોરે તારો જનમ થયો નાથ.
મામો કંસ દૈત્ય ભાણેજને મારતો હાથ, એ દુઃખ કેવા હશે મારે કરવી મનની વાત.

જેલના દરવાજે સવા મણના તાળા, માબાપ તારા રોયા હશે, અષાઢી મેહ જેમ પછી યમુના ઉભરાણા, મારે કરવી મનની વાત.

માથે મૂક્યો ટોપલો તને અંદર સુવડાવાય, પિતા વાસુદેવ હાલ્યા ગોકુળ કેરી વાટ, છાતી કરી હશે વ્રજની ભેંકાર મેઘલી રાત મારે કરવી મનની વાત.

મા દેવકી રોઈ હશે આંસુ કેરી ધાર, જનેતા તારી પોકારી હશે ફાડી હદયના દ્વાર, એ દુઃખ કેવા હશે મારે કરવી મનની વાત.

ભીતરનો ભેરુ મારો આત્મા જાગ્યો, મારું દુઃખ હું વિસરી, આંખ વરસી ચોધાર ઓ મારા શ્યામ! લાગણી વંદે તને જોડી બે હાથ મારે કરવી મનની વાત
હંસા ઝાલા "લાગણી"સુરત

---

### બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર સર્કલે

# ૦૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ એસબીઆઈ ૭૦ મા બેંક દિવસની ઉજવણી કરી

એસ.બી.આઈ.ના ૭૦મા બેંક ડે નિમિત્તે ગાંધીનગર સર્કલે દિવસની શરૂઆત અમારા તમામ લોકલ હેડ ઓફિસના સ્ટાફને પુષ્પ અને મીઠાઈઓ આપીને કરી હતી. ત્યારબાદ સીએમસી સભ્યોના નેતૃત્વ હેઠળ તમામ સ્ટાફ સભ્યો દ્વારા બેંક ડેની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. રેડક્રોસની મદદથી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને ૧૦૧ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. સાંજે ઓડિટોરીયમ લોકલ હેડ ઓફિસ ગાંધીનગર ખાતે સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ સર્કલ, ચીફ જનરલ મેનેજર શ્રી બાલાજીકુમાર સિંહસામંત એ ઉપસ્થિત સ્ટાફને સંબોધન કર્યું હતું અને એસબીઆઈની આવનારા વર્ષોમાં થયેલી સફર અને આવનારા વર્ષોમાં એસબીઆઈના વિઝન વિશે જણાવ્યું હતું. મ્યુઝિકલ પ્રોગ્રામ બાદ તમામ ઉપસ્થિતો માટે ડિનરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

૦૧/૦૭/૨૦૨૫ ના રોજ ૭૦માં સ્ટેટ બેંક ડેની ઉજવણી કરતા જુન-૨૦૨૫ દરમિયાન આયોજિત ૧૦૫ રક્તદાન કેમ્પમાં કુલ ૯૦૩૮ યુનિટ રક્ત બોટલ એકત્રીત કરવામાં આવ્યા હતા . તમામ દાતાઓની સરાહના કરવામાં આવી હતી, અને આ ઉમદા કાર્યમાં ફાળો આપવા બદલ દાતાઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

---

# પાંથાવાડા ગામમાં ખુલ્લેઆમ ધમધમતી વિદેશી દારૂની હાટડીઃ પોલિસ નિંદ્રાધીન

## હવે તમારે રાજસ્થાન જવાની જરૂર નથી.પાંથાવાડામાં જ તમને મળી રહેશે દારૂ

બનાસકાંઠા જીલ્લાની રાજસ્થાન બોર્ડર ઉપર આવેલ પાંથાવાડા ગામે પોલીસની રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ દારૂની હાટડીઓ ધમધતી હોવાથી સ્થાનિક લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. તેમજ માર્કેટયાર્ડની બાજુમાં જ દારૂ ખુલ્લેઆમ વેચાતો હોવાથી વેપારીઓએ પાંથાવાડા પોલિસને રજુઆત કરવા છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતા વેપારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે તેવુ માત્ર કાગળ ઉપરજ જોવા મળી રહ્યુ છે. હાલ રાજસ્થાન કરતા ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ મળી રહ્યો છે. હાલ વાત કરીએ રાજસ્થાન બોર્ડર ઉપર આવેલ પાંથાવાડા ગામની તો પાંથાવાડામાં ખુલ્લેઆમ ત્રણ થી ચાર દારૂની હાટડીઓ ઉપર દારૂનું વેચાણ થાય છે. અને લોકો ખુલ્લેઆમ આ હાટડીઓમાં કોઈપણ પોલિસના ભય વગર દારૂની મીજબાની માણતા જોવા મળી રહે છે. આ બાબતે પોલિસને વારંવાર રજુઆત કરવા છતાં પોલિસ દ્વારા આવા બુટલેગરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. પાંથાવાડા પોલિસ આવા લોકો સામે કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરી રહી છે. જેથી વેપારીઓ પણ પોલિઓસ સામે લડવાના મુડમાં છે. અને તેઓએ મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીને લેખીતમાં રજુઆતો કરવા માટે વેપારીઓની સહી પણ કરાવવામાં આવી રહી હોવાનું જણાવેલ છે.

**પોલિસ બુટલેગરો સાથે મળેલ છે. સ્થાનિક રહીસ**

પાંથાવાડાના એક સ્થાનિકે પોતાનું નામ ન જાહેર કરવાની સરતે જણાવેલ કે પાંથાવાડામાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે અને ક્યારેક તો પોલિસના લોકો પણ આ દારૂ વેચનારના ત્યાં બેઠા હોય છે. એકવાર અમે પોલિસમાં રજુઆતો કરેલ ત્યારે પોલિસે અમારૂ નામ આ બુટલેગરોને આપતા તેઓ અમને ધમકીઓ પણ આપી હતી. જેથી અમને આવા લોકોની પોલિસ પાસે રજુઆત કરવા જતાં પણ ડર લાગી રહ્યો છે. કેમકે પાંથાવાડાની તમામ પોલિસ આ બુટલેગરો સાથે મળેલી છે.

**બુટલેગરો ખુલ્લેઆમ દારૂ વેચી રહ્યા છે. – કરસનભાઇ (વેપારી)**

પાંથાવાડા ગંજ બજારથી બહાર નિકળતા જ એક હોટલ ઉપર ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે. અને આ હોટલ ઉપર સતત દારૂડીયાઓ બેસતા હોવાથી ગંજબજાર ના વેપારીઓ પોતાના ધંધાકિય નાણાં બજારમાં આવેલ બેંકમાંથી ઉપાડીને પરત આવતા હોય તો પણ સતત ડર સતાવતો હોય છે. આ હોટલમાં રાજસ્થાન કરતા પણ ખુલ્લેઆમ દારૂ મળી રહ્યો છે. તેમજ લોકો ખુલ્લામાં બેસીને દારૂ પીતા જોવા મળે છે. આ બધુ આમ પ્રજાને દેખાય છે પરંતુ પાંથાવાડા પોલિસને દેખાતુ નથી કેમકે તેઓએ પોતાની આંખ ઉપર આ લોકોએ આપેલ રીસ્વતના સાયદ પાટા બાંધેલ હોય તેવુ લાગી રહ્યુ છે.

**દારૂ માટે રાજસ્થાન જવાની જરૂર નથી.**

રાજસ્થાનમાં રાત્રે ૮ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી દારૂની દુકાનો બંધ રહેતી હોય છે. તેમજ સરકારે જાહેર કરેલ કેટલાક દિવસો પણ આ દુકાનો બંધ રહે છે. ત્યારે ગાંધીના ગુજરાતમાં આવેલ પાંથાવાડા ગામે જ્યારે માંગો ત્યારે દારૂ મળી રહે છે. અને લોકો હોટલોમાં બેસીને રાજસ્થાન જેમ ખુલ્લેઆમ દારૂ પીતા પણ નજરે પડતા હોય છે. માટે હવે દારૂ માટે રાજસ્થાન જવાની જરૂર નથી

# દહેગામમાં એકાએક ૧૨૨ વિદ્યાર્થીઓને આંખો ઓછું દેખાવવાની ફરિયાદ, રોગચાળાનું કારણ જાણવામાં તંત્ર નિષ્ફળ



દહેગામ તાલુકાના ઝાંક ગામમાં આવેલી જે.એમ. દેસાઈ વિદ્યામંદિરના બાળકોમાં આંખમાં ખંજવાળ, લાલાશ, બળતરા અને ડબલ વિઝન જેવી તકલીફો જોવા મળતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. કુલ ૨૨૫ બાળકોમાંથી ૧૨૨ બાળકો આ તકલીફોથી પ્રભાવિત થયા હતા.જેમને ગાંધીનગર સિવિલમાં રાત્રે ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા બાદ મંગળવારે સવારે તમામનું સ્ક્રીનિંગ કર્યા બાદ તે પૈકી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે. જ્યારે બે બાળકોને પણ હજુ આડ અસર છે.

ઝાંકમાંથી આ ઘટના સામે આવ્યા બાદ, જિલ્લા કક્ષાની ટીમ અને કડાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે તાત્કાલિક શાળાની મુલાકાત લીધી હતી. પ્રાથમિક તપાસ અને સારવાર સ્થળ પર જ આપવામાં આવી હતી. ત્યારબાદ, ૧૨૨ બાળકોને વધુ તપાસ અને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા અને દાખલ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, તમામ બાળકોની તબિયત હાલ સુધારા પર છે. તેમાંથી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બે બાળકોને વધુ સારવાર માટે ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

સોમવારે રાત્રે તબક્કાવાર ગાંધીનગર સિવિલમાં તમામ બાળકોને દાખલ કરવામાં આવ્યા હતા અહીં તબીબી સેવા ઉપરાંત સિવિલ તંત્ર દ્વારા આ બાળકોને ભોજન અને સવાર-બપોર ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સિવિલમાં લેવામાં આવેલા બ્લડની તપાસ સિવિલમાં કરવામાં આવતા આ તમામ બાળદર્દીઓને રોગચાળા અંતર્ગત કિડની તથા લીવરમાં કોઈ આડઅસર થઈ નથી તેવું રિપોર્ટ ઉપરથી સાબિત થાય છે.

ઝાંકની સ્કૂલના ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓને આ વિચિત્ર વિઝન રોગચાળાની આડ અસર થઈ હતી. જેના પગલે ગઈકાલે આ તમામ વિદ્યાર્થીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા અહીં તેમને સારવાર આપવામાં આવી હતી તથા લોહી-યુરીન સહિતના વિવિધ સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. તો બીજીબાજુ આરોગ્ય તંત્ર દ્વારા પણ સ્કૂલ તથા છાત્રાલયમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા છે. ફૂડતંત્ર દ્વારા સોમવારે મોડી રાત્રે ચાર સેમ્પલ લેવામાં આવ્યા છે. અલગ અલગ તંત્ર દ્વારા ફક્ત સેમ્પલ લઈને તેને લેબોરેટરીમાં મોકલી આ પરિક્ષણના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. કોઈ પણ તંત્ર સ્પષ્ટ રીતે આ રોગચાળો કઈ રીતે ફેલાયો છે અને તે ફેલાવા પાછળ કયું તત્ત્વ જવાબદાર છે તે અંગે કહી કહી શક્તુ નથી. વિદ્યાર્થીને આડ અસર થયે ૨૪ કલાકથી વધુનો સમય થઈ ગયો છતા તંત્ર પાસે આ રોગચાળાનું સાચુ કારણ નથી જે વહિવટી તંત્રની નિષ્ફળતા સૂચવે છે.




માલપુર તાલુકાના સુરજપુર પાટિયા થી સુરતપુર કંપા રોડ ઉપર ગનાળા બનાવવામાં આવે છે તેમાં મોટાભાઈ ભ્રષ્ટાચાર થઈ રહ્યું છે આમાં એસ્ટીમેન્ટ માં નવા ગનાળા બનાવવાના હોય છે પરંતુ જુના ગનાળા ઉપર સાઈડોમાં દીવાલો બનાવી નવા ગંડાળા બનાવ્યા હોય તેવું દર્શાવીને કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ ની મિલીભગતથી કામ કરી રહ્યા છે આ બાબતે નાયબ કાર્યપાલક ને રૂબરૂ રજૂઆત કરી પરંતુ નાયબ કાર્યપાલક એવું જણાવેલ કે કઈ જગ્યાએ બને છે હું નવો છું તો આ બાબતે જવાબદાર અધિકારી ઉપર આગળની કાર્યવાહી થાય અને સ્થળ ઉપર કોન્ટીટી પ્રમાણે કામ થાય તેવી ગામ જનોની ઉગ્ર માગણી છે



તા.૧-૭-૨૦૨૫ બપોર ૨-૩૦થી સાંજે ૬-૦૦ દરમ્યાન લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ,જીવન સંધ્યા સીનીયર સીટીઝન હોમ,ગાયત્રી પરિવાર નારણપુરાના ઉપક્રમે લાયન્સ ઇન્ટરનેશનલ વર્ષ ૨૦૨૫ ૨૬ ના પ્રથમ દિવસે ફ્રી ડાયાબિટીસ ચેક અપ - ડાયાબિટીસ સેમિનાર, સત્યનારાયણ ભગવાનની કથાનું શ્રવણ શ્રીપ્રવીણભાઈ પટેલ મધુર વાણીમાં સંગીત વૃંદ સાથે તથા પ્રસાદ સાથે અને પર્યાવરણ નિમિત્તે વૃક્ષારોપણનું આયોજન જીવન સંધ્યા સીનીયર સીટીઝન હોમ,નારણપુરા ખાતે કરવામાં આવેલ જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં લાયન્સ ક્લબના સભ્યો તથા ગાયત્રી પરિવારના પરીજનો તથા સિનિયર સિટીઝન હોમના વડીલો ભાગ લઈ ભાવવિભોર બન્યા હતા.આ પ્રસંગે ડોક્ટર મૌલિક કિનારીવાળા,માનનીય અજય ભાઈ શાહ,માનનીય ભરતભાઈ શેઠ,ગાયત્રી પરિવારના કનુભાઈ પટેલ હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમના કોઓર્ડીનેટર લાયન ગિરીશ પટેલ, ડિસ્ટ્રિક્ટ ચેરપર્સન એન્વાયરમેન્ટ અને ઈવેન્ટ હાજર રહ્યા હતા.જીવન સંધ્યાશ્રમના ડીમ્પલબેન શાહે સૌના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# બહુ પ્રતિક્ષિત સોશિયલ કોમેડી ગુજરાતી ફિલ્મ "મહારાણી" નું ટીઝર થયું રિલીઝ

૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ ×મહારાણી× નામની બહુ પ્રતિક્ષિત ગુજરાતી ફિલ્મનું ટીઝર રિલીઝ થયું. ફિલ્મની જાહેરાત બે મહિના પહેલા કરવા મા આવી હતી અને ગુજરાતી દર્શકો તરફથી તેને ઘણો પ્રેમ મળ્યો.મહારાણીનું ટીઝર હવે રિલીઝ થઈ ગયું છે અને તે ફિલ્મ નિર્માતા દ્વારા રજૂ કરાયેલ એક રસપ્રદ સામાજિક કોમેડી ડ્રામા છે.

પેનારોમા સ્ટુડિયો દ્વારા પ્રસ્તુત 'મહારાણી' નું પ્રોડક્શન મંકી ગોડ એન્ટરટેઈનમેન્ટ, સમિટ સ્ટુડિયો અને એક્કા એન્ટરટેઈનમેન્ટ હેઠળ કરવા મા આવેલ છે. આ ફિલ્મ ના પ્રોડ્યૂસર્સ છે કુમાર મંગત પાઠક, અભિષેક પાઠક, પ્રિતેશ ઠક્કર, મધુ શર્મા અને વિરલ શાહ. તેમજ કો પ્રોડ્યૂસર્સ છે - મુરલીધર છટવાની, ચંદ્રેશ ભાનુશાલી, સુચિન આહલુવાલિયા અને માસુમેહ માખીજા .

મહારાણી એક એવી ફિલ્મ છે જે આધુનિક સ્ત્રી અને તેના ઘરની સહાયક વચ્ચેના સંબંધને રસપ્રદ રીતે દર્શાવે છે. આ ફિલ્મ એક સોફ્ટ કોમેડી છે. જે એક ઘરની સહાયક ની વાર્તા છે જેને ઘરની ×રાણી× ની તુલનામાં ગણવા મા આવે છે. આ ફિલ્મ સહ-નિર્ભરતા અને રોજિંદા જીવનમાં થતું સહજ હાસ્ય થી ભરેલી છે જે ખૂબ ઓછી ફિલ્મો માં દર્શાવેલ છે.

મહારાણીમાં માનસી પારેખ, શ્રદ્ધા ડાંગર, ઓજસ રાવલ અને સંજય ગોરાડિયા સહિત ઘણા બધા કલાકારો છે. આ ફિલ્મનું દિગ્દર્શન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અને ખૂબ જ સફળ ફિલ્મ દિગ્દર્શક વિરલ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. વાર્તા રામ મોરી અને હાર્દિક સાંગાણી દ્વારા લખવામાં આવી છે.

ફિલ્મ કોમેડી શૈલીને લઈને સમાજ ની એક એવી વાર્તા એવી ઢબ માં પ્રસ્તુત કરવા જઈ રહી છે

# સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગનો વપરાશ ઘટાડવાના સંકલ્પ સાથે માત્ર ૨૦૦ દિવસમાં બેગ એટીએમ દ્વારા નાગરીકોએ કર્યો એક લાખથી વધુ કાપડની થેલીનો ઉપયોગ







આપણા સૌના જીવનમાં પર્યાવરણ કેટલું મહત્વનું છે તે હવે આપણે સૌ સમજી ગયા છે. તેને બચાવવા માટે પણ આપણે સૌ સાથે મળીને પ્રયત્નો કરી રહ્યાં છીએ. પર્યાવરણને બચાવવાના પ્રયાસોમાં એક મહત્વનું પગલું એટલે પ્લાસ્ટીક બેગના વપરાશને ઓછું કરવું. ગત વર્ષે રાજયના વિવિધ જાહેર સ્થળો પર પ્લાસ્ટીક બેગનો વપરાશ ઘટાડવા બેગ એટીએમ મુકવાના મહત્વના પર્યાવરણલક્ષી નિર્ણય બાદ માત્ર ૨૦૦ દિવસમાં એક લાખથી વધુ નાગરીકોએ કાપડની થેલીનો ઉપયોગ કરીને પર્યાવરણ બચાવવાના સંકલ્પને ખરા અર્થમાં ચરીતાર્થ કર્યો છે. ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિના નવા યુગની શરૂઆત થઈ છે. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂનના રોજ ''પ્લાસ્ટિક મુક્ત ભારત'' અભિયાનને વધુ વેગ આપવાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં રાજ્ય સરકારે અનેકવિધ નવીન પ્રયાસો શરૂ કર્યા છે. જેના ભાગરૂપે હવે રાજયના મંદિરોમાં કાપડની થેલીમાં પ્રસાદની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.


રાજયના મહત્વના મંદિરો જેમ કે અંબાજી, સોમનાથ, દ્વારકા, શામળાજી, સાળંગપુર, ઈસ્કોન મંદિર સહિતના કુલ ૧૩ મંદિરો પર ૩૦ મશીન મુકવામાં આવ્યાં છે. આ મશીન મુકવાથી મંદિરની મુલાકાતે આવતા શ્રદ્ધાળુઓને કાપડની થેલીમાં જ પ્રસાદ મળી રહે છે. આ મશીનમાં પાંચ અથવા ૧૦ રૂપિયાનો સિક્કો નાખીને અથવા તો ઊઇ કોડ સ્કેન કરીને કાપડની થેલી મેળવી શકાય છે. વિશ્વ પર્યાવરણ દિવસ, ૫ જૂન ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા મહાત્મા મંદિર ખાતેથી વધુ ૨૬૦ કાપડની બેગના વેન્ડીંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવા સ્થાપિત બેગ વેન્ડીંગ મશીનો દ્વારા અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ કાપડની બેગનું વિતરણ કરવામા આવ્યુ છે.ગુજરાતને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં અને નાગરીકોમાં પ્લાસ્ટિકના ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે, રાજયના મહત્વના જાહેર સ્થળોએ વિશેષ એટીએમ મશીન મુકવામાં આવ્યા છે, જેમાંથી કાપડની થેલી મેળવી શકાય છે. રાજયના વિવિધ જાહેર સ્થળોએ શરૂ કરવામાં આવેલા બેગ એટીએમ થકી પર્યાવરણના રક્ષણની સાથે મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવામાં પણ મદદ મળી રહી છે. એટીએમમાં આપવામાં આવતી બેગ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા સ્વ સહાય જૂથ પાસેથી ખરીદવામાં આવે છે જેથી મહિલાઓને પણ રોજગારી મળી રહે છે. આ ઉપરાંત અમદાવાદ તથા સુરત ખાતે બજારો, યાત્રાધામો, હોસ્પિટલ અને જાહેર બગીચાઓમાં પણ આ મશીનો મુકવામાં આવ્યા છે. અમદાવાદ ખાતે ૨૦ જેટલી હોસ્પિટલોમાં પેપર બેગના વેન્ડિંગ મશીન પણ મૂકવામાં આવ્યા છે જેથી હોસ્પિટલની મેડિકલ શોપ પરથી પેપરની બેગ પણ મળી શકે. આ બાબતે મોનીટરીગ માટે 'પ્રતીગ્યા લાઈવ ડેશબોર્ડ' રૅજઃ// ુદ્વ.પ્રૅષ્ઠ્ઠ.પ્રૅદ્ગૈ.હઃ૮૪૪૩ પણ વિકસાવવામાં આવ્યું છે જેમાં કાપડના બેગ વિતરણના મશીનોની લાઈવ માહિતી મેળવી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગની નિર્ભરતા ઘટાડવા માટે દર વર્ષે ૩ જુલાઈને વિશ્વ પ્લાસ્ટીક બેગ મુક્તિ દિવસ તરીકે ઉજવાય છે.

## વડોદરા રાજ્યમાં ૧૯૧૦માં લાયબ્રેરી ડિપાર્ટમેન્ટની સ્થાપના બાદ ૧૯૨૪માં સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાથી સ્થાપાયું ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ

જ્ઞાનપિપાસુની તૃષા તૃપ્ત કરતું પુસ્તકાલય એવું પરબ છે, જ્યાં વાંચકના જીવનને નવો દ્રષ્ટિકોણ મળે છે. સમગ્ર વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે પુસ્તકાલય પ્રવૃત્તિ વિસ્તરી રહી છે અને વાંચનવૃત્તિનો વિકાસ જ ગુજરાતને સંસ્કાર સમૃદ્ધ બનાવે છે. તેમાં સરકારી ઉપરાંત અનુદાનિત ગ્રંથાલયોનું મહત્વનું યોગદાન છે. ગ્રંથાલયોની વાત આવી એટલે એક વાત જાણીને આશ્ચર્ય થશે કે એશિયાની એક માત્ર એવી પુસ્તકાલયોની સહકારી મંડળી વડોદરામાં કાર્યરત છે. વડોદરા રાજ્યના આર્ષદ્રષ્ટા રાજવી સર સયાજીરાવ ગાયકવાડે તેમના શાસન વિસ્તારમાં વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે ૧૯૧૦માં અલાયદા લાયબ્રેરી ડિપાર્ટમેન્ટની સ્થાપના કરી હતી. એ જ વર્ષમાં વડોદરામાં ગુજરાતની સૌથી મોટી સેન્ટ્રલ લાયબ્રેરી કાર્યરત થઈ હતી. વડોદરા રાજ્યમાં ૧૯૪૭ સુધીમાં ૨૩૦૦ જેટલા પુસ્તકાલયો હતા. ૧૯૧૧માં વડનગર અને એ બાદના વર્ષોમાં અમરેલી, નવસારી, કડી, ઓખા, ડભોઈ, શિનોર, વિસનગર, વરણામા, પલાણા, વસો, ધર્મજ, ઉંઝા, વાઘોડિયા, બિલિમોરા, મહેસાણા, વ્યારા, વિજાપુર, સોજીત્રા, કરનાળી, કરજણ, સંખેડામાં પુસ્તકાલયો બનાવવામાં આવ્યા હતા. ૧૯૨૫માં ૪ પ્રાંત પુસ્તકાલય, ૪૩૩ કસ્બાના પુસ્તકાલય, ૬૧૮ સાર્વજનિક પુસ્તકાલય ૮૭ વાંચનાલય, ૮૪ વિશાળ ખંડોના સાથેના પુસ્તકાલય હોવાનું આર્ટ હિસ્ટોરિયન શ્રી ચંદ્રશેખર પાટીલ નોંધે છે. ૧૯૨૫ સુધીમાં સેન્ટ્રલ લાયબ્રેરીમાં ૧.૦૫ લાખ પુસ્તકો હતા અને વડોદરા રાજ્યની અન્ય લાયબ્રેરીઓમાં કુલ મળી ૩.૭૮ લાખ પુસ્તકો હતા. વડોદરા રાજ્યની ૭૦ ટકા સુધીની વસ્તી સુધી પુસ્તકાલયનો લાભ મળ્યો હતો. સેન્ટ્રલ લાયબ્રેરીમાં મહિલાઓ માટે અલગ રિડિંગ રૂમ હતા. આટલી બધી લાયબ્રેરીઓ હોવાના કારણે તેના સંકલિત વહીવટી માટે સર સયાજીરાવ ગાયકવાડે ૧૯૨૪માં પુસ્તકાલયોની સહકારી મંડળી સ્થાપવાના પ્રસ્તાવને મંજૂરી આપી.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણની બેંક ઓફ ઈન્ડિયા બ્રાન્ચને સ્વચ્છતા સંબંધિત નોટિસ ફટકારાઈ

આજરોજ, ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કુડાસણ વિસ્તારમાં ચાલી રહેલી સફાઈ કામગીરીનું સઘન મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન, કુડાસણ ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખાની બહાર ગંદકી જોવા મળી હતી. જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવાના મહત્વ પર ભાર મૂકતા, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા બેંક ઓફ ઈન્ડિયાના મેનેજરશ્રીને



તત્કાળ નોટિસ પાઠવવામાં આવી છે. આ નોટિસમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, બેંક દ્વારા સૂકો અને ભીનો કચરો અલગ રાખવામાં આવે અને કચરો ફક્ત કચરાપેટીમાં જ નાખવામાં આવે.આ નોટિસ દ્વારા બેંક ઓફ ઈન્ડિયાને પબ્લિક હેલ્થ બાયલોઝ-૨૦૧૭ ની જોગવાઈઓનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. જો આ સૂચનાઓનું પાલન સુનિશ્ચિત કરવામાં નહીં આવે, તો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વહીવટી ચાર્જ વસૂલવામાં આવશે. વધુમાં, જો સ્વચ્છતાના નિયમોનો ભંગ ચાલુ રહેશે, તો મહાનગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી શકે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.